# હું મુખ્યમંત્રીની રેસમાં નથી : શંકરસિંહ વાઘેલા

## વિધાનસભા ચૂંટણી પહેલા કાર્યકરોમાં ઉત્સાહ જગાવવા અને રણનીતિ ઘડવાના સંદર્ભમાં કોંગ્રેસ પાર્ટીની બેઠક

અમદાવાદ, તા. ૨૦

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્યારે કોંગ્રેસે પણ આક્રમક તૈયારી પોતાની રીતે હાથ ધરી છે. પ્રદેશ કોંગ્રેસની બેઠક આજે મળી હતી. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા કોંગ્રેસ આવે છેના સૂત્ર સાથે નેતાઓ, ધારાસભ્ય અને કાર્યકરોની બેઠક મળી હતી. બેઠકમાં ચૂંટણી માટે તૈયારીમાં લાગી જવા આહવાન કરાયું હતું. ચૂંટણીની રણનીતિ અને કોંગ્રેસના કાર્યકરોમાં જુસ્સો ભરવા માટે આજે અમદાવાદમાં પ્રદેશ કોંગ્રેસની બેઠક મળી હતી. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો, વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિરોધપક્ષના નેતા અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા શંકરસિંહ વાઘેલાએ




ઘટસ્ફોટ કર્યો છે કે હું સીએમ પદની રેસમાં નથી અને હું વિધાનસભાની ચૂંટણી સુધી જ છું.

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી વહેલી યોજાય તેવી સંભાવના વચ્ચે પ્રદેશ કોંગ્રેસે આગામી ચૂંટણીના રણનિતી અને કોંગ્રેસના કાર્યકરોમાં જોમ પુરુ પાડવા માટે અમદાવાદમાં પ્રદેશ કોંગ્રેસની બેઠક મળી હતી. જેમાં કોંગ્રેસના તમામ નેતા, ધારાસભ્યો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત પ્રભારી ગુરુદાસ કામત પણ હાજર હતા. વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ કહ્યું હતું કે, ભરતસિંહ હોય કે સિધ્ધાર્થભાઈ કોઈ સીએમની રેસમાં નથી. સીએમ બનવા માટે કોઈ મહેનત કરતું નથી અને અમારી વચ્ચે કોઈ હરિફાઈ નથી. બહુમતી આવે પછીનો સવાલ છે, પણ હું અત્યારે સીએમની રેસમાં નથી, અને મારી જાતને હું સીએમની રેસમાંથી વિથડ્રો કરું છું, હું વિધાનસભાની ચૂંટણી સુધી જ છું. પણ સામે બેઠેલા કાર્યકરોએ મોટા અવાજ કહ્યું કે બાપુ આપ જ સીએમ છો અને હું દિલ્હી ગયો અને એનસીપીના નેતા શરદ પવારને મળ્યો તો જાતજાતના તર્કો શરૂ થઈ ગયા હતા. તેનો ખુલાસો કરતા શંકરસિંહે જણાવ્યું કે, હવે હું દિલ્હી તમને પુછી ને જઈશ. દિલ્હી ગયો હતો તે માત્ર કામ માટે ગયો હતો અને એનસીપી નેતા શરદ પવારને મળ્યો તેનો ઉદ્દેશ હતો કે ભાજપને અટકાવવા માટે પવાર સાથે ચર્ચા કરી હતી. શંકરસિંહ વાઘેલાએ કહ્યું કે ઉત્તરપ્રદેશમાં જે કઈ બન્યું તે ધ્રુવીકરણ હતું.

# પૂજન ડાન્સ એકેડમી દ્વારા કિષ્ના વૃધ્ધાશ્રમના વડીલો માટે સાંસ્કૃતિ કાર્યક્રમ યોજાયો

### નાના બાળકોના ફિલ્મી ગીતો પર ડાન્સ નિહાળીને ક્રિષ્ના વૃધ્ધાશ્રમના વડીલો ખુશખુશાલ થઈ ગયા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં નૃત્યની તાલિમ સરળ અને સરસ આપતી એકમાત્ર સંસ્થા એટલે પૂજન ડાન્સ



એકેડમી... આ એકેડમી દ્વારા નૃત્યને બાદ કરતા અનેક સેવાભાવી કાર્ય પણ કરવામાં આવે છે. ત્યારે તાજેતરમાં સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે શહેરના કિષ્ના વૃધ્ધાશ્રમના વડીલોના ચહેરા પર સ્મિત રેલાય તે માટે પૂજન ડાન્સ કલાસ, ફુટ ફુલ લાઈફ ગ્રુપ અને ગીટાર ગન્સ ગ્રુપના સંયુકત ઉપક્રમે સુંદર ગીત-સંગીતનો કાર્યક્રમ યોજયો હતો. જેમાં વિવિધ ફિલ્મી ગીત પર નાના ભુલકાઓનું નૃત્ય નિહાળીને સૌ વડીલો આનંદીત થઈ ગયા હતા. આ કાર્યક્રમ નિહાળવા માટે મોટીસંખ્યામાં શહેરના નાગરીકો હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેરના સેકટર-૬ સ્થિત કિષ્ના વૃધ્ધાશ્રમના વડીલો માટે સાંસ્કૃતિક કાર્યક્મનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧૯ માર્ચના રોજ રાત્રે ૯ કલાકે સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે આયોજીત આ કાર્યક્મમાં નગરના અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા. વિવિધ સંસ્થાના આગેવાનો તેમજ વડીલોના હસ્તે દિપ પ્રાગટય કરીને કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ બાળકો દ્વારા ગણેશ વંદનાની સુંદર પ્રસ્તુતી કરવામાં આવી હતી. ઉપરાંત બાળકોએ રાધા-કિષ્નના ભજનો અદભુત રીતે રજુ કરતા વડીલો ભજનમય બની ગયા હતા અને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. જયારે કાર્યક્રમને આગળ વધારતા શિવાલી ભટ્ટ દ્વારા જુના-નવા હીન્દી ફિલ્મી ગીતો પર ડાન્સની પ્રસ્તુતી કરીને વડીલોને પણ ખુશખુશાલ કરી દીધા હતા. લવ યુ જીંદગીના ગીત પર વડીલો પણ ઝુમી ઉઠ્યા હતા. આ પ્રસંગે તુષાર પટેલ અને હુસેન પટેલ દ્વારા નૈસર્ગિક માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કર્નલ મલ્લિકાર્જુન નવલગટ્ટી, ડો. મહિપતસિંહ પરમાર, ડો.બ્રિજેશ પરમાર, સહિત અનેક આગેવાનો હાજર રહીને કાર્યક્મને મનભરીને માણ્યો હતો. જયારે કાર્યક્રમને અંતે વડીલોને આઈસ્ક્રીમ અને નાસ્તો આપવામાં આવ્યો હતો. સૌ વડીલોએ પૂજન ડાન્સ, ફુટ ફુલ લાઈફ ગ્રુપ અને ગીટાર ગન્સ ગ્રુપના સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો.



# તપોવન સંશોધન કેન્દ્ર ખાતે પરિવાર સંમેલન યોજાયું

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, રૂપાલ દ્વારા ચાલતા 'તપોવન સંશોધન કેન્દ્ર' ખાતે આજ રોજ 'પરિવાર સંમેલન'નું આયોજન કરવામાં




આવ્યું હતું. આ સંમેલનમાં અંદાજિત ૨૦૦ લાભાર્થીઓ હાજર રહ્યા હતા. રૂપાલ કેન્દ્રના મેડિકલ ઓફિસર ડૉ. બીનાબહેન પટેલે સૌને આવકાર્યા હતા.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના 'તપોવન'ના પ્રાંત સંયોજક તર્પણાબહેન વ્યાસે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, તપોવન પ્રકલ્પની સંકલ્પના અને ઘરમાં સંસ્કારક્ષમ વાતાવરણનું નિર્માણ વિશે વિગતવાર સમજ આપી હતી. ગાંધીનગર તાલુકા હલ્થ ઓફિસર ડૉ. હરેશભાઈ ત્રિવેદીએ 'સગર્ભાવસ્થા દરમિયાન રાખવાની કાળજી' વિશે ઊંડાણપૂર્વક સમજ આપી હતી. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિસ્તરણ વિભાગના આસી. પ્રોફેસર ડૉ. રૂપમબહેન ઉપાધ્યાયે 'બાળકના સર્વાંગી વિકાસ માટેની પારિવારિક પ્રવૃત્તિઓ' વિશે સમજાવ્યું હતુ તથા ઘરમાં કરાવી શકાય તેવી પ્રવૃત્તિઓનું પ્રાયોગિક નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. 'તપોવન સંશોધન કેન્દ્ર'ના લાભાર્થી સોનલબહેન દરજી તથા જીતુભાઈ જાદવે તપોવન કેન્દ્રની પ્રવૃત્તિઓની તેમના બાળક પર થયેલી હકારાત્મક અસરો સૌને જણાવી હતી. કેન્દ્રના પ્રકલ્પ સંયોજક ચંદ્રિકાબહેને તેમની 'તપોવન યાત્રા' વિશે જણાવ્યું હતું.

ચિલ્ડ્રન્સ યુનિ.ના મા. કુલપતિશ્રી પ્રો. ડૉ. કે.એસ. લિખિયાસાહેબે તેમના અધ્યક્ષીય ઉદબોધનમાં જણાવ્યું કે વિશ્વની અનોખી ચિલ્ડ્રન્સ યુનિ.માં 'તપોવન સંશોધન કેન્દ્ર' દ્વારા ગર્ભ શિક્ષણ આપવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિ અધ્યાત્મ આધારિત છે. મહાન વૈજ્ઞાનિક એડિસનનું ઉદાહરણ આપીને માતાની ભૂમિકાનું મહત્વ સમજાવ્યું હતુ તથા બાળકના વિકાસમાં પરીવારની ભૂમિકાની અગત્યતા સમજાવી હતી. આપણે સૌ હકારાત્મક વિચારો માટે સંકલ્પ કરીએ અને દેશ, સમાજ તથા આપણી સંસ્કૃતિ માટે યોગદાન આપીએ એમ તેમણે જણાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન સુપરવાઈઝર અશોકભાઈએ કર્યું હતું.

## આ પણ વાંચીએ...

### ● ચીનમાં ટોયલેટ પેપરની ચોરી બની માથાનો દુઃખાવો

સાંભળવામાં થોડુક વિચિત્ર લાગશે પરંતુ ચીનની રાજધાની બેજીંગમાં ટોયલેટ પેપરની ચોરી સરકાર માટે માથાનો દુઃખાવો બની છે. આ સમસ્યાથી છુટકારો મેળવવા માટે બેજીંગના સાર્વજનિક



શૌચાલયોમાં સેન્સરયુક્ત કેમેરા લગાવવામાં આવી રહ્યા છે. કોઈપણ વ્યક્તિએ ટોયલેટ પેપર લેવા માટે સૌથી પહેલા આ કેમેરાની સામે આવવુ પડશે. આ મશીન વપરાશકર્તાને એક જ વખત ટોયલેટ પેપર આપશે. ચોરી રોકવા માટે અન્ય ઉપાયો પણ અજમાવાઈ શકાય છે.

### ● એક સોફાએ બનાવ્યા વિદ્યાર્થીઓને લખપતિ

કિસ્મત ગમે ત્યારે પલ્ટાઈ શકે છે અને ગમે તે વ્યક્તિને પળવારમાં



લખપતિ બનાવી શકે છે. ન્યૂયોર્કમાં રહેતા ત્રણ વિદ્યાર્થીઓએ તાજેતરમાં એક સેકન્ડહેન્ડ સોફા ખરીદ્યો. આ સોફાના ઉપયોગ દરમ્યાન વિદ્યાર્થીઓને સોફાની ગાદીની નીચે કંઈક હોવાની અનુભૂતિ કરી. સોફાની ગાદી ઉપાડીને જોતા તેમાંથી એક કવર મળ્યુ જેમાં ૪૬ હજાર રૂપિયા હતા. આખા સોફામાંથી તેઓને ઘણા બધા કવર મળ્યા જે રૂપિયાથી ભરેલા હતા. આ રીતે તેઓને કુલ ૨૬ લાખ ૨૫ હજાર રૂપિયા મળ્યા ત્યારે તેઓની ખુશીની કોઈ સીમા ન રહી. કોઈ વિદ્યાર્થીઓએ આ રૂપિયા જેના હતા તે મૂળ માલિક એવી વૃદ્ધાને શોધીને તે પરત કર્યા છે.

### ● અનોખો દેડકો અંધારામાં પણ ફેલાવે છે અજવાળુ

વરસાદ દરમ્યાન સામાન્ય દેડકાઓ આપણે જોઈ શકીએ છીએ પરંતુ આ દેડકાની તો વાત જ નિરાળી છે. આ દેડકો અંધારામાં ચમકે છે. વૈજ્ઞાનિકોએ દેડકાંઓની નવી પ્રજાતિ શોધી કાઢી છે. અમેરિકાના દક્ષિણ



આર્જેન્ટિનામાં આ દેડકાંઓ જોવા મળ્યા છે.

# આજે જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓનો સમય સવારનો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાની તમામ પ્રાથણિક શાળાઓ માટે આજે સવારનો સમય કરવાના હૂકમો જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા કરાયા છે.

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આજે વન વિભાગના કાર્યક્રમમાં બાયસેગની મદદથી ઉદ્બોધન કરવાના હોવાથી બાળકોને તેમનો સંદેશો પહોંચે તે માટે આ હૂકમો કરવામાં આવ્યા છે.

### લીલીઝંડી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

થઈ ગયા બાદ રાજ્યો તેમના એસ જીએસટી બિલ માટે ચર્ચા હાથ ધરશે. જ્યારે એસ જીએસટીને સંસદ દ્વારા મંજુર કરવામાં આવનાર છે. પહેલી જુલાઈથી જીએસટીને અમલી કરવાની દિશામાં સરકારે પહેલ કરી દીધી છે. સંસદના વર્તમાન સત્રમાં જ સીજીએસટી, આઈજીએસટી, યુટીજીએસટી અને જીએસટી કમ્પેનસેશન બિલને મંજુર કરી દેવામાં આવશે. એસજીએસટી દરેક રાજ્ય વિધાનસભામાં મંજુર કરવામાં આવનાર છે. જાણકાર લોકોનું કહેવું છે કે સરકાર સ્વતંત્ર ભારતમાં સૌથી મોટા બિલને હાથ ધરવા જઈ રહી છે. જીએસટીની અંદર સેન્ટ્રલ ટેક્સ અને વેટને મર્જ કરી દેવામાં આવશે. સી-જીએસટીમાં કેન્દ્ર સરકારને ચીજવસ્તુ અને સર્વિસ ઉપર જીએસટી કરવેરા માટે અધિકાર રહેશે. જ્યારે આઈ-જીએસટી આંતરરાજ્ય સપ્લાય ઉપર આધારિત રહેશે. સૂત્રોએ કહ્યું છે કે, કાઉન્સિલે પહેલાથી જ પાંચ, ૧૨, ૧૮ અને ૨૮ટકાના ચાર સ્તરીય કરવેરા માળખાને આખરીઓપ આપી દીધો છે પરંતુ મોડલ જીએસટી કાયદાને લઈને પીકરેટ ૪૦ ટકા રાખવામાં આવ્યો છે. બીજી બાજુ સેસને લઈને પણ ચર્ચા છે. સૂત્રોનું કહેવું છે કે, આ વખતે પ્રથમ વખત મક્કમ ઈરાદા સાથે પહેલી જુલાઈથી જીએસટીને અમલી કરવા માટે તૈયારી કરાઈ છે. જીએસટીને અમલી કરવાને લઈને છેલ્લા ઘણા વર્ષોથી પ્રયાસ થયા છે પરંતુ આને અમલી બનાવવામાં સફળતા મળી નથી. વારંવાર અમલીકરણને લઈને તારીખો પડતી રહી છે. હવે જીએસટીને પહેલી જુલાઈથી અમલી બનાવવાની જાહેરાત કરવામાં આવી છે પરંતુ કેટલીક દુવિધાઓ અકબંધ છે.

### ટેસ્ટ ડ્રો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓસ્ટ્રેલિયા તરફથી માર્શ અને હેન્ડસકોમ્બે બાજી સંભાળી લીધી હતી. અગાઉ ગઈકાલે પુજારાએ બેવડી સદી ફટકારી હતી. તે ૨૦૨ રન કરીને આઉટ થયો હતો. ટેસ્ટ ક્રિકેટમાં પુજારાએ સૌથી લાંબી ઈનિંગ્સ રમવાનો રેકોર્ડ સર્જ્યો હતો. રાંચીના મેદાન પર શરૂ થયેલી ત્રીજી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે જ કેટલાક રેકોર્ડ સર્જાયા હતા. રાંચી ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયાના સ્ટાર બેટ્સમેન અને કેપ્ટન સ્ટીવ સ્મીથે ટેસ્ટ ક્રિકેટમાં ૫૦૦૦ રન પુરા કરી લીધા હતા. સ્ટીવ સ્મીથે ૯૭ ઈનીંગ્સમાં પાંચ હજાર રન પુરા કર્યા હતા. સૌથી ઝડપથી ટેસ્ટ ક્રિકેટમાં પાંચ હજાર રન પુરા કરનાર ખેલાડીની યાદીમાં તે સાતમાં ક્રમાંકે પહોંચી ગયો હતો. હજુ સુધીની બે ટેસ્ટ મેચોની શ્રેણીમાં કેટલાક બેટ્સમેનો ફ્લોપ રહ્યા છે.

### ઉપયોગ નહીં કરે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બની જશે. શપથ લીધા બાદ પંજાબના મુખ્યમંત્રી અમરિન્દરસિંહે જાહેરાત કરી હતી કે તેઓ અને તેમના પ્રધાનો લાલ બત્તીવાળી ગાડીનો ઉપયોગ કરશે નહીં. પંજાબ વિધાનસભામાં વિપક્ષી પાર્ટી આમ આદમી પાર્ટીએ તેની ક્રેડિટ લેવા માટેના પ્રયાસો શરૂ કરી દીધા છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ પણ આ દિશામાં હિલચાલ હાથ ધરી હતી પરંતુ આને લઈને વિવાદ થયો હતો. આમ આદમી પાર્ટીએ લાલ બત્તીવાળી ગાડીના સંદર્ભમાં પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે આમ આદમીના પાર્ટીના કારણે જ કોંગ્રેસ પાર્ટીએ આ નિર્ણય કર્યો છે કારણ કે હવે વિપક્ષમાં આમ આદમી પાર્ટી છે. આમ આદમી પાર્ટીએ વર્ષ ૨૦૧૫માં દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં વીઆઈપી કલ્ચરની સામે લડવાની જાહેરાત કરી હતી અને સાથે સાથે દિલ્હીમાં એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડ સિવાય અન્ય તમામ વાહનોમાં લાલ બત્તીની સુવિધા બંધ કરી દીધી હતી.

### બંધ કરાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે ત્રીજી શ્રેણીમાં રહેલી સંસ્થા અને યુનિવર્સિટી પર યુજીસીને નજર રાખવા માટે કહેવામાં આવનાર છે. આવુ કરવામાં આવ્યા બાદ પણ જો તેમની સ્થિતીમાં સુધારો થશે નહી તો તેમને બંધ કરવા માટે અથવા તો અન્ય સંસ્થાઓ સાથે મર્જ કરવા માટે આદેશ જારી કરવામાં આવનાર છે. આવી સ્થિતીમાં ખરાબ દેખાવ કરનાર સામે ખતરો રહેશે. તેમની સ્થિતીને સુધારવા માટે પુરતી તક આપવામાં આવનાર છે.

### ત્રણ વર્ષ માટે સસ્પેન્ડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે આ માટે તેમણે વકીલને રૂ ૩ લાખ ચુકવ્યા હતા. જયારે અપીલ માટેની જાણકારી મેળવવા માટે વાદીએ સંબંધિત વિભાગમાં આર ટી આઈ કરી હતી. જેના અંતે વાદીને આ કેસ સંદર્ભે કોઈ અપીલ દાખલ ન થઈ હોવાનુ હકીકત સામે આવી હતી. ત્યારબાદ આ કેસના વાદીએ પ્રતિવાદીને આપેલી રૂ ૩ લાખની રકમ પરત માંગતા પ્રતિવાદીએ રૂ ૩ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક બેંકમાં પુરતા ભંડોળના અભાવે પરત થયો હતો. ત્યારબાદ વકીલના આવા દુવર્તાવથી ત્રસ્ત વાદીએ બાર કાઉન્સીલ ઓફ ગુજરાત સમક્ષ ફરિયાદ કરી હતી. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતે આ કેસમાં વાદી સાથે ગુનાઈત વ્યવસાયિક દુવર્તાવ કરનાર વકીલને ત્રણ વર્ષ માટે સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો છે. જયારે કસુરવાર વકીલને દંડ પેટે રૂ ૫૦ હજાર ચુકવવા માટે પણ હુકમ કર્યો છે.

### પેપર સરળ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ -૧૦ ના વિદ્યાર્થીઓની ગણિત વિષયની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં જિલ્લામાં નોંધાયેલા ૩૦૫૬૧ વિદ્યાર્થીઓ પૈકી ૪૮૨ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. ધોરણ -૧૦ની પરીક્ષાના બીજા દિવસે વિજ્ઞાનનુ પેપર વિદ્યાર્થીઓને લાંબુ અને અઘુરુ લાગ્યુ હતુ. જયારે ગણિતના પેપર સંદર્ભે પણ વિદ્યાર્થીઓ અને વાલીઓ ચિંતામાં હતા. પરંતુ ગણિતનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં પણ ખુશીની લહેર વ્યાપી હતી. વિષય નિષ્ણાંત કિશોરસિંહ રાજપુતે પ્રશ્નપત્ર અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે ગણિતનુ પેપર પાઠ્ય પુસ્તક આધારિત અને સરળ રહયુ હતુ. જો કે ત્રણ થી ચાર એમ સી ક્યુ વિચારીને જવાબ આપવા પડે તેવા હતા. ભાગ બ માં પણ પાઠ્યપુસ્તક આધારિત જ દાખલા હતા. જો કે દાખલા નં-૯ નો દાખલો રકમ અને પ્રશ્ન ૧૬ માં પાયથાગોરસનો પ્રતિપ્રમય નામ બદલીને પુછાયો હતો. જેના લીધે અમુક વિદ્યાર્થીઓ મુંઝાયા હતા. એકંદરે ગણિતનુ પેપર સરળ અને સમય મર્યાદામાં પુર્ણ થાય તેવુ હતુ. વિજ્ઞાનના પેપર બાદ બે દિવસની રજાના અંતે ગણિતનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓ અને વાલીઓનો ભાર હળવો થયો હતો.

### કેમ્પ યોજવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તે સારૂ નામદાર કોર્ટે એસસીએ ૫૫૯૯/૧૭ સાથે અન્ય કેસોમાં કરેલ ઓરલ હૂકમ તા. ૧૭-૩-૨૦૧૭થી આદેશ કર્યા મુજબ પ્રતીનિયુક્તિ રદ કરેલ બી.આર.સી., સી.આર.સી, અને યુ.આર.સી.ને રાજ્ય સરકારની તા. ૨૩-૫-૨૦૧૨ના ઠરાવમાં કરેલ નિયમ ૧૦(૫) અને નિયમ-૨૫માં કરેલ જોગવાઈને કડક રીતે અનુસરીને તેઓની શિક્ષક તરીકેની મૂળ નિમણુંક તારીખની શ્રેયાનતા અને જે શાળામાંથી તેઓને પ્રતીનિયુક્તિ તરીકેના હૂકમ થયેલ હોઈ તેની શ્રેયાનતા આધારે નામદાર હાઈકોર્ટના આદેશાનુસાર બિનચૂક રીતે તેઓને પુનઃ સમાવવાના આદેશો કરવાનાં થાય છે. જેથી રાજ્યના દરેક જિલ્લાઓમાં આ કાર્યવાહીમાં એકસુત્રતા જળવાઈ તે માટે આપ તમામને જણાવવામાં આવે છે કે સર્વ શિક્ષા અભિયાનના કચેરી આદેશ તા. ૧૭-૧૨-૨૦૧૬ અને તા. ૨૨-૧૨-૨૦૧૬થી છુટા થયેલ કોર્ડીનેટરસને શિક્ષક તરીકે પુનઃ સમાવાવ અંગે અગાઉ અપાયેલ તમામ સૂચનાઓ રદ ગણી નવેસરથી નામદાર કોર્ટના આદેશાનુસારની કાર્યવાહી તા. ૩૦-૩-૨૦૧૭ના રોજ જાહેર કેમ્પ દ્વારા હાથ ધરવાની રહેશે. આ અંગે જે કોઈ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા નામદાર હાઈકોર્ટના તા. ૧૭-૩-૨૦૧૭નાં હૂકમ અનુસારની કરવાની થતી કાર્યવાહીમાં ચૂક થવામાં આવશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી તેઓની અંગત રહેશે.

### ઘરનું ઘર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાખ માનવદિન રોજગારી પુરી પાડવામાં આવી છે. આ યોજના માટે ૨૦૧૭-૧૮માં રાજ્યના બજેટમાં રૂ. ૩૯૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. માઈનસ સ્વભંડોળ ધરાવતી તાલુકા પંચાયતો માટે વાહન ખરીદીમાં સહાયની નવી જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત વૃંદાવન ગામ માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

તેમણે કહ્યુ હતુ કે ચાલુ વર્ષે પંચાયતના ૧૭ સંવર્ગમાં વર્ગ-૩ના ૧૧,૫૬૩ કર્મચારીઓની ભરતી કરવામાં આવી છે.

**જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગાંધીનગર**
મહાત્મા ગાંધી વિદ્યાલય, સેક્ટર-૨૧, ગાંધીનગર

**જાહેરાત**

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર સંચાલિત જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગાંધીનગર દ્વારા રાજ્ય સરકારની પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપથી શરૂ કરવામાં આવેલ મહાત્માકાંક્ષી યોજના જિલ્લા કક્ષા સ્પોર્ટસ સંકુલમાં જોડાવા માંગતી શાળાઓ પાસેથી અરજીઓ મંગાવવવામાં આવે છે. શાળા પસંદગી માટેના પ્રમુખ માપદંડ નીચે મુજબ છે. (ક) ઉચ્ચતર માધ્યમિક સ્તર સુધીની શિક્ષણ સુવિધા (ખ) રમતના મેદાનો માટે ઓછામાં ઓછી ૩ એકર જમીનની ઉપલબ્ધિ જેમાં શાળામાં ઉપલબ્ધ મેદાન ઈન્ડોર રમતની માળખાકીય સુવિધાઓનો પણ સમાવેશ થશે. (ઘ) ૨૦૦ વિદ્યાર્થીઓ ભાઈ-બહેનો માટે નિવાસની સુવિધા (ગ) છેલ્લા ત્રણ વર્ષમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ કક્ષાએ સાતત્યપૂર્ણ દેખાવ જેમાં લઘુતમ ૭૦ ટકા પરિણામ (ચ) પ્રાથમિક ખેલ સુવિધા અને વિકસીત મેદાન ઉપલબ્ધ હોય તે પ્રથમ પસંદગીને પાત્ર.

ઉપરોકત ધારાધોરણ મુજબ યોગ્યતા ધરાવતી શાળાઓએ તારીખ ૨૭/૩/૨૦૧૭ના સાંજના ૫.૦૦ કલાક સુધીમાં ઉક્ત સરનામે રજી.એ.ડી. પોસ્ટ અથવા રૂબરૂ પહોંચાડવાના રહેશે. વધુ વિગત માટે સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગાંધીનગરનો કચેરી સમય દરમિયાન સંપર્ક કરવો.

સહી/-
સિનિયર કોચ
માહિતી/૩૦૧૭/૧૬-૧૭ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગાંધીનગર

**ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ**
પર્યાવરણ ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર

**જાહેર સુચના**

ઉદ્યોગોથી થતાં પાણી પ્રદૂષણના નિયંત્રણ માટે ઔદ્યોગિક ગંદા પાણીનાં શુદ્ધિકરણ પ્લાન્ટ કાર્યરત કરવા બાબતે

નામદાર સુપ્રિમ કોર્ડના કેસ રીટ પીટીશન (સીવીલ) નં. ૩૭૫/૨૦૧૨માં તા. ૨૨/૨/૨૦૧૭ના રોજ આપેલ ચુકાદા મુજબ, તમામ હયાત ઔદ્યોગિક એકમો કે જેઓને 'કન્સેન્ટ ટુ ઓપરેટ' લેવી જરૂરી છે તેમણે એકમમાંથી નીકળતા ઔદ્યોગિક ગંદા પાણીનાં શુદ્ધિકરણ માટે શુદ્ધિકરણ પ્લાન્ટ સંપૂર્ણપણે કાર્યરત કરવો અને ગંદા પાણીનો નિકાલ કરતા પહેલા તેના બોર્ડના નિયત ધારા ધોરણો મુજબ શુદ્ધિકરણ કરવું જરૂરી છે.

આથી, ઔદ્યોગિક ગંદુ પાણી છોડતાં ઉપરોક્ત ઔદ્યોગિક એકમોને નામદાર સુપ્રિમ કોર્ટના ઉપરોક્ત ચુકાદા મુજબ હુકમની તારીખ એટલે કે ૨૨મી ફેબ્રુઆરી ૨૦૧૭થી ત્રણ માસમાં તેમનાં એકમમાં બોર્ડના નિયત ધારાધોરણ મુજબ ઔદ્યોગિક ગંદુપાણી શુદ્ધ કરે તે પ્રકારના શુદ્ધિકરણ પ્લાન્ટ સંપૂર્ણપણે કાર્યરત કરવા આ જાહેર નોટીસ આપવામાં આવે છે.

જેમાં કસુર થયેથી સદર ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ડે કરેલ આદેશ મુજબની કાર્યવાહી બોર્ડ દ્વારા કરવામાં આવશે જે અન્વયે કસૂરદાર ઔદ્યોગિક એકમને ઉદ્યોગ બંધ કરવાનાં આદેશો કરવામાં આવશે જેની ગંભીર નોંધ લેવી.

વધુમાં ઉપરોક્ત ચુકાદાનાં નિર્દેશ મુજબ ખાનગી વ્યક્તિ(ઓ) અને સંસ્થાઓ કસુરવાર ઉદ્યોગ સામે યોગ્ય પગલાં લેવા માટે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને ફરિયાદ કરી શકશે તેમજ નામદાર સુપ્રિમ કોર્ટનાં આદેશના અમલીકરણમાં રહેલ ખામીઓ માટે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ, પુણે બેન્ચને પણ રજૂઆત કરી શકશે.

નામદાર સુપ્રિમ કોર્ટનો સદર ચુકાદો ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની વેબસાઈટ www.gpcb.in/portal/news/152_1_375_2012.pdf પર ઉપલબ્ધ છે.

તા. ૧૭/૩/૨૦૧૭ સહી/-
સભ્ય સચિવ
ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ
માહિતી/૩૦૧૨/૧૬-૧૭ ગાંધીનગર